
દાદા ભગવાન પરિવારનું
એપ્રિલ ૨૦૨૦
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



અક્રમ એક્સપ્રેસ

# જગત કોણ ચલાવે છે ?



## સંપાદકીય

બાળમિત્રો,

નાનપણથી આપણે એવું ધારીને બેઠા હોઈએ કે ભગવાન આકાશમાં બેઠા બેઠા આ દુનિયા ચલાવે છે.

જો તમે પણ આવું જ માનતા હો, તો તમારે આ અંક વાંચવાની ખાસ જરૂર છે.

આ રહસ્ય, જે મોટા મોટા વૈજ્ઞાનિકો નથી જાણી શક્યા, એ પરમ પૂજ્ય દાદાશ્રી આપણને એકદમ સાદી અને સરળ ભાષામાં સમજાવે છે. અરે, તમે પણ સમજી શકો એટલી સાદી રીતે !

માનવામાં નથી આવતું ને ?

તો શરૂ કરો આ અંક વાંચવાનું....

- ડીમ્પલભાઈ મહેતા




વર્ષ : ૧૨, અંક : ૮
સળંગ અંક : ૧૪૦
એપ્રિલ ૨૦૨૦

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.


Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# આ તો નવી જ વાત !

આ સોડિયમ ધાતુને પાણીમાં નાખે તો ભડકો થાય, તે સાયન્સથી સમજી શકાય. તેવું આ જગત સાયન્સથી ઊભું થયું છે.





કાચનો પ્યાલો હાથમાંથી સરકતો હોય તો તેને ઠેઠ સુધી બચાવવાના પ્રયત્નો કરવાનો. છતાંય પડી ગયો ને ફૂટી ગયો, પછી કોઇની ભૂલ નહીં જોવાની. જેના હાથેથી પડ્યો તેણે તોડ્યો ના કહેવાય. એણે તો બિચારાએ ઉલ્ટો બચાવવા પ્રયત્ન કરેલો.

# દાદાજી કહે છે...

દાદાશ્રી - આ જગત કોણ ચલાવે છે, જાણો છો ? કોઈ બાપોય ચલાવતો નથી. આપણેય ચલાવતા નથી ને ભગવાનેય ચલાવતા નથી. જો ભગવાન ચલાવેને તો ભગવાન થાકી જાય. આ તો બધું નેચરલ એડજસ્ટમેન્ટ છે ખાલી. ઘણા બધા સંજોગો (કારણો) ભેગા થાય, ત્યારે એક કાર્ય થાય છે. દા.ત. આ કેરી પાકે છે, તે કોણે પકવી હશે ? એ તો કેટલા બધા સંજોગો ભેગા થયા ત્યારે કેરી પાકી. તો ચાલો જોઈએ, કયાં સંજોગો ભેગા થવાથી કેરી પાકે છે.



**ઘણા બધા સંજોગો એટલે...**




રહસ્યો ઉકેલો Song સાંભળીને Scan QR Code
https://kids.dadabhagwan.org/gallery/music/All+Albums/rahasyo/

આવા ઘણા સંજોગો ભેગા થાય ત્યારે કેરી પાકે છે અને ખાવા મળે. એમાં જો સૂર્ય અહંકાર કરે કે 'હું ના હોત તો તે ના બનત', તો તે અહંકાર ખોટો છે. કારણ બીજું સારું ન હોત કે જમીન ફળદ્રુપ ન હોત તોય ના બનત અને જો ખેડૂતને આની જાણકારી ન હોત તોય ન બનત.

આ ધોધ પડતો હોય ત્યાં પરપોટા દેખાય છે, તે કેવા જાત જાતના હોય છે ? કોઈ અર્ધગોળ હોય, કોઈ નાના હોય, મોટા હોય, તે કોણે બનાવ્યા ? કોણે રચ્યા ? એ તો એની મેળે જ થયા.

જેમાં વધારે હવા ભરાય તે મોટો પરપોટો ને જેમાં ઓછી હવા ભરાય તે નાનો પરપોટો થાય.




## તમારી જાતને ચકાસી જુઓ!



**૧) શેરડીમાંથી ખાંડ બનવામાં કયા કયા સંજોગો જોઈએ ?**

**૨) તમને રોજે સમયસર સ્કુલે પહોંચવા માટે ક્યાં ક્યાં સંજોગોની જરૂર પડે છે ?**

પ્રશ્નકર્તા : તો તો પછી બધા મળીને થશે જ ને, મારે શું કરવાનું છે એવું બોલાય ?

દાદાશ્રી : એવું બોલાય જ નહીં. બધા કારણોમાં આપણો ભાવ પણ એક કારણ છે. આપણે નક્કી જ રાખવું કે મારે સમયસર સ્કૂલે પહોંચવું જ છે. પછી ધીમે ધીમે બીજા કારણો ભેગા થાય.

(જવાબ પેજ નંબર ૧૯ પર મળશે.)

# એક યાદગાર સફર

તે દિવસે, સમ્યક ખુબ ખુશ હતો. ઘરમાં દાખલ થતા જ, કોઈની સાથે વાત કર્યા વગર એ સીધો ડેડીના રૂમમાં દોડી ગયો.

"ડેડી, મેં કરી બતાવ્યું," સમ્યકે ઉત્સાહપૂર્વક કહ્યું.

સમ્યકના ડેડી, મયંકભાઈ એક વૈજ્ઞાનિક હતા. એમણે એમની રૂમને લેબોરેટરી બનાવી દીધી હતી. ફ્લાસ્કસ અને ટેસ્ટ ટ્યુબ્સથી ઘેરાયેલા મયંકભાઈ કાગળ પર કંઈક લખી રહ્યા હતા.

"ડેડી, અમારી ટીમ જીતી ગઈ. મેં મારી ટીમને જીતાડી દીધી, હું મોટો થઈને ક્રિકેટર બનીશ." સમ્યક એક જ શ્વાસે બધું બોલી ગયો.

"અરે વાહ. બહુ સરસ." ડેડીએ ઊંચું જોયા વગર જ જવાબ આપ્યો. સમ્યકનું એક્સાઈટમેન્ટ થોડું શાંત પડ્યું. એણે આજુબાજુ નજર ફેરવી અને પછી ડેડી પાસે જઈને ઊભો રહ્યો.

"શું લખી રહ્યા છો, ડેડી ?" સમ્યકને આતુરતા થઈ.

"મારી નવી શોધખોળ વિષે" ડેડીએ કહ્યું.

"અને એ શેના વિષે છે ?"

"દુનિયા કોણ ચલાવે છે ?" ડેડીએ હસીને જવાબ આપ્યો. એમણે એમનું લખાણ પૂરું કર્યું અને પોતાના



દીકરા સામે મીઠી નજરે જોયું.

"દુનિયા તો ભગવાન ચલાવે છે. એ તો મને પણ ખબર છે." સમ્યક બોલી ઉઠ્યો.

"ભગવાન આ દુનિયા ચલાવતા નથી." ડેડીએ ખાતરીપૂર્વક કહ્યું.

"શું ? તો આ દુનિયાને કોણ ચલાવે છે ?" સમ્યકને આશ્ચર્ય થયું.

ડેડીને સમ્યકના અવાજમાં સાચું સમજવાનો હોંશ જણાયો.

"ચલ, હું તને એક સફર કરાવું." ડેડીએ ખિસ્સામાંથી રિમોટ જેવું એક ગેજેટ કાઢ્યું.

સમ્યક ઉત્સાહમાં આવી ગયો. મયંકભાઈએ એક બટન દબાવ્યું અને સ્પેસશીપ જેવા આકારનો એક પારદર્શક બોલ મોટો થવા લાગ્યો.

"આ બોલની ખૂબી એ છે કે જેવા આપણે તેની અંદર જઈએ કે તરત જ આપણે ધૂળના એક રજકણ જેટલા નાના બની જઈએ. એની પારદર્શકતાને લીધે અંદર રહીને બહારનું બધું જોઈ શકાય. એટલું જ નહીં, પણ બહારના લોકો માટે આ બોલ ઈનવિઝિબલ (દેખાય નહીં તેવો) છે. હું તેને શ્રીન્કીંગ (સંકોચાય તેવો) બબલ કહું છું." મયંકભાઈએ પોતાની વિશેષ શોધખોળની ખૂબીઓ દર્શાવી.

સમ્યક એટલો આશ્ચર્યચકિત્ થઈ ગયો હતો કે કશું જ પૂછી ના શક્યો. થોડી ક્ષણોમાં ગેજેટમાંથી પ્રકાશનું એક કિરણ નીકળ્યું અને બંને શ્રીન્કીંગ બબલની અંદર ખેંચાયા અને નાનકડા રજકણ જેવા બની ગયા.

"સમ્યક, આજ સુધી ક્યારેય ના કરી હોય એવી એક અવિસ્મરણીય (યાદગાર) સફર માટે તૈયાર થઈ જા. તને દુનિયાની અમુક અજાયબીઓનો આજે અનુભવ થશે."

શ્રીન્કીંગ બબલ બારીની બહાર ખુલ્લી હવામાં ઉડ્યું. ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. પણ ડેડી અને સમ્યક શ્રીન્કીંગ બોલમાં સહેજ પણ ભીંજાયા વિના સલામત હતા.

સમ્યકે આતુરતાથી પૂછ્યું, "ડેડી, આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?"

"તને મેઘધનુષ ખુબ ગમે છે ને ?"

સમ્યકે માથું હલાવીને હા પાડી.

"તને શું લાગે છે કે મેઘધનુષ કોણ બનાવતું હશે ? શું ભગવાન સ્પેશ્યલ પેઈન્ટ બ્રશથી એ બનાવતા હશે કે પછી આની પાછળની હકીકત કંઈક ઓર જ હશે ?"

"હું વિજ્ઞાનમાં શીખ્યો છું કે વરસાદના ટીપાં અને સૂર્યનું કિરણ ભેગા થવાને કારણે આવું બને છે."

"સાચી વાત છે. ચાલ, આજે હું તને મેઘધનુષની રચના દેખાડું. તે જોઈને તું મને કહેજે કે શું મેઘધનુષ બનવા પાછળ વરસાદ અને પાણી સિવાય પણ કોઈ બીજા કારણો જવાબદાર છે ?"

શ્રીન્કીંગ બબલ હવામાં ખૂબ ઊંચે ગયું, ત્યારે મયંકભાઈએ તેને ઊભું રાખ્યું. આકાશ કાળા વાદળોથી ઘેરાયેલું હતું. થોડો સમય રાહ જોયા પછી એક કાળું વાદળું ખસ્યું અને સૂર્યનું અજવાળું થયું. વરસાદના ટીપામાંથી સૂર્યનું કિરણ પસાર થતાં જ તે સાત રંગમાં વહેંચાઈ ગયું. આવા અનેક કિરણો અનેક વરસાદના ટીપામાંથી પસાર થયા અને પછી સાત રંગોવાળા એક અર્ધગોળાકાર પટ્ટો વાદળી આકાશમાં દેખાયો.

"વા...હ" સમ્યકનું મોઢું આશ્ચર્યથી ખુલ્લું જ રહી ગયું. "જે વાત મેં બુકમાં વાંચી હતી તે આજે મને જોવા મળી. તો ડેડ, સૂર્ય અને વરસાદના ટીપાં સિવાય, આ ફરતાં વાદળાં પણ એક કારણ કહેવાય ને ?" સમ્યકે પૂછ્યું.

"હા સમ્યક," ડેડીએ હસીને જવાબ આપ્યો, "અને એવા ઘણા બધા બીજા કારણોથી મેઘધનુષ રચાયું છે. તને જડ્યા ને કારણો ?"

સમ્યકે માથું હલાવી "હા" કહ્યું.

"હં...સારું તો ચાલ આપણે બીજી સફર કરવા જઈએ." સમ્યકના ડેડીએ રિમોટ પર બટન દબાવ્યું



અને શ્રીન્કીંગ બબલ એમને આગળ લઈ ગયું. શ્રીન્કીંગ બબલ રસ્તા પર ચાલતા એક માણસ પાસે આવીને ઊભું રહ્યું. બબલમાંથી એક પ્રકાશ થયો અને બંને પેલા માણસના શરીરમાં પ્રવેશી ગયા.

"આ માણસ હમણાં જ લંચ કરીને ઘરેથી નીકળ્યો છે. તને આપણા શરીરમાં ખાવાનું કેવી રીતે પચે છે તેની જાણકારી છે ને ?" ડેડી બોલ્યા.

"હા, ડેડી. થોડી થોડી." બબલ લાલ-કથ્થાઈ રંગના માંસમાં થઈને પેટમાં પ્રવેશ્યું.

"ચલ, તો આજે લાઈવ પાચન ક્રિયા જોઈને કહે કે ખરેખર શરીરમાં ખોરાક પચાવે છે કોણ ?"

સમ્યકે ખોરાક કયા કયા તબક્કામાંથી પસાર થાય છે, તેનું બરાબર નિરીક્ષણ કર્યું. પાચક રસોની ક્રિયા, બધા અવયવોનું કાર્ય.. સમ્યકે આ બધાનું લીસ્ટ બનાવ્યું. અને એના મનમાં એક પ્રશ્ન જાગ્યો

"ડેડી, આમાં મને કોઈ કરનાર દેખાતો નથી જે કહે કે "આમ કરો તેમ કરો", તો આ બધું કરે છે કોણ ? હવે મારાથી વધારે રાહ નહીં જોવાય. મારે જાણવું છે કે આ દુનિયા કોણ ચલાવે છે ?"

"તારા સવાલનો જવાબ તને ઘરે જઈને મળી જશે" કહી ડેડીએ શ્રીન્કીંગ બબલને ઘર તરફ જવા માટે સૂચના આપી.

ઘરમાં એન્ટર થતાં જ સમોસાની સુગંધ આવી. અને શ્રીન્કીંગ બબલે રસોડામાં જઈને સીધી સમોસાના ગરમ તેલમાં ડૂબકી મારી. સમ્યક દાઝી જવાના ડરથી ડેડીને વળગી ગયો, પણ શ્રીન્કીંગ બબલની વિશેષતાના કારણે તેઓને કંઈ ના થયું. અને ડેડીએ પૂછ્યું, "તો સમ્યક મને કહે આ સમોસા કોણ બનાવે છે ?"

"મમ્મી", સમ્યકે તરત જ જવાબ આપ્યો.

ડેડીએ એને એક સ્માઈલ આપીને કહ્યું, "ધ્યાનથી જોઈને કહે."

તે જ સમયે મમ્મીએ સમોસું વાળીને ગરમ તેલમાં મૂક્યું. સમોસાનો રંગ ઊકળતા તેલમાં બદલાઈ ગયો. અને મમ્મીએ સમોસું બહાર કાઢીને બાજુની પ્લેટમાં મુક્યું.

સમ્યક ધ્યાનથી બધું ઓબ્સર્વ કરી રહ્યો હતો. "તેલ, લોટ, બટાકાનો મસાલો, ગેસ...અને મમ્મી આ બધાના કારણે સમોસા બન્યા." સમ્યકે બરાબર વિચારીને જવાબ આપ્યો.

"તો કહે બધુ કોણ કરે છે ?" ડેડીએ સમ્યકને પૂછ્યું.

"ભગવાન આ દુનિયા ચલાવતા નથી. ઘણાં બધા કારણો ભેગા થવાથી કોઈ એક કાર્ય થાય છે. પછી, એ મેઘધનુષની રચના હોય કે સમોસા બનાવવાનું કામ. એમ આઈ રાઈટ, ડેડી ?"

"યસ, માય સન !"

સમ્યકને આનંદ થયો. ડેડી શ્રીન્કીંગ બબલને લેબોરેટરીમાં લઈ ગયા. શ્રીન્કીંગ બબલની બહાર નીકળીને બંને પોતાના દરઅસલ રૂપમાં આવી ગયા.

સમ્યકની નજર બેટ પર પડી અને એના મનમાં એક વિચાર સ્ફૂર્યો, "ડેડી..તો એનો અર્થ એ થયો ને કે મેં એકલાએ ખરેખર ટીમને જીતાડી નહોતી પણ ઘણાં બધા કારણોનું એ પરિણામ હતું ?"

"તને શું લાગે છે ?" ડેડીએ સામો પ્રશ્ન પૂછ્યો.

"હા ડેડી, એક ટીમ તરીકે અમે ઘણા બધાની મદદથી જીત્યા હતા. અમારી પાસે સારા બેટ-બોલ હતા, અમારી સહુની હેલ્થ સરસ હતી, બધા પ્લેયર્સે સરસ પ્રયત્નો કર્યા હતા. એવા તો ઘણાં બધા કારણો હતા."

"સરસ, હવે મારો દીકરો એક વૈજ્ઞાનિક જેવું વિચારવા લાગ્યો છે."


"પણ ડેડી...મને હજુ સવાલ થાય છે કે જો બધું આમ ભેગું થવાથી જ ચાલતું, હોય તો મારા રમવાથી કે બિલકુલ ના રમવાથી શું ફરક પડવાનો છે ?"

"તારો સવાલ બહુ સરસ છે, બેટા. બધું ભેગું થઈને પરિણામ શું આવશે એ તો આપણને પહેલેથી ખબર નથી હોતી. એટલે, આપણો રોલ એ છે કે છેક સુધી પોઝિટિવ રહીને આપણે આપણું કામ કરવું. એટલે, તારે ટીમને જીતાડવા માટે તારાથી બનતા બધા જ પ્રયત્નો કરવા જોઈએ. સમજાયું તને ?"

"યસ ડેડી !!" સમ્યકના ચહેરા પર સાચી સમજણ પ્રાપ્ત થયાનો આનંદ હતો.

ત્યાં તો મમ્મીની બૂમ સંભળાઈ, "સમોસા રેડી છે."

અને તરત જ સમ્યક, સ્વાદિષ્ટ સમોસાનો આનંદ માણવા નીચે દોડી ગયો.




# જવાબદાર કોણ ?


લીલી અને સેલી દરિયામાં પકડદાવ રમી રહ્યા હતા. રમતાં રમતાં સેલી મહેલમાં ભાગી
અને ધડામ કરીને દાદીમા સાથે અથડાઈ ગઈ. દાદીનો મોતીનો હાર તૂટી ગયો.
ઓહ નો ! વેરી સોરી દાદી. ભૂલથી ભટકાઈ ગઈ.
તમે બંને મારી રૂમમાં આવો.
હવે તો આપણું આવી જ બન્યું. આ તો દાદીને વારસામાં મળેલો કિંમતી હાર હતો.
તમને બંનેને વાગ્યું તો નથી ને ?
લીલી અને સેલીએ માથું હલાવી 'ના' પાડી.
આવતીકાલે તમે બંને સોળ વર્ષના થશો. એટલે હવે તમને દરિયાની સપાટી પર જઈને દુનિયા જોવાની પરમિશન છે. ફ્લોરા તમારી સાથે આવશે.



વાહ દાદી. પણ એક વાત પૂછું ? અમે તમારો હાર તોડી નાંખ્યો છતાંય તમને અમારા પર ગુસ્સો ના આવ્યો ?
ના, કારણકે હું જાણું છું કે એની પાછળ ઘણા બધા કારણો જવાબદાર હતા. ફક્ત તમે જ નહીં.
કારણો ? એટલે ?
હારનો દોરો ઢીલો પડી જવો, મહેલમાં પ્રવેશવાનો આપણો ટાઈમિંગ મેચ થવો અને આપણું અથડાવવું, હાર તૂટવાનો પણ સમય પાકવો. બાકી તમારો કંઈ હાર તોડવાનો ઈરાદો તો હતો જ નહીં ને?
હા, દાદી.
હંમેશા યાદ રાખજો. કોઈ એક કાર્ય પાછળ ઘણા બધાં કારણો જવાબદાર છે. કોઈ એકને જવાબદાર ગણીને એને દોષિત ના જોવાય.
બીજા દિવસે,
આજે એટલાન્ટીક સાગરમાંથી રોયલ કેરેબિયન જહાજ પસાર થવાનું છે. એ જોવા માટે આપણે શોર્ટ કટ લેવો પડશે.
ઓ વાઉ ! થેન્ક યુ, ફ્લોરા..લેટ્સ ગો !!
હજુ તો થોડા માઈલ આગળ ગયા ત્યાં તો...
શા....ર્ક !! લીલી, સેલી ઊભા રહો. ચાલો, આપણે અહીંયા ખડકમાં છૂપાઈ જઈએ.


થોડીવાર રહીને લીલી અને સેલી ખડકમાંથી બહાર નીકળવા ગયા.
ના, ના...રાહ જુઓ. શાર્કને વધુ આગળ નીકળી જવા દો.
આખરે, ફ્લોરાએ પરવાનગી આપી.. દરિયાના સપાટી પર પહોંચીને જોયું તો આજુબાજુ કશું જ ના દેખાયું.
ઓહ નો...લાગે છે કે રોયલ કેરેબિયન જહાજ નીકળી ગયું. આ બધું તારા કારણે થયું ફ્લોરા.
સાચે જ...! શોર્ટ કટ લેવાની શી જરૂર હતી ?!
નારાજ થઈને લીલી અને સેલી મહેલમાં નાસી ગયા.
કાશ ! આપણને રોયલ કેરેબિયન જહાજ જોવા મળ્યું હોત !
અચાનક લીલીની નજર દાદીમાના તૂટેલા મોતીના હાર પર પડી.
સેલી, યાદ છે ગઈ કાલે દાદીએ આપણને કહ્યું હતું કે દરેક કાર્ય પાછળ ઘણા બધા કારણો હોય છે ?
હા...આપણે રોયલ કેરેબિયન જહાજ જોવાનું ચૂકી ગયા એની પાછળ શું શું કારણો હોઈ શકે ? હમ.. ફ્લોરાનો શોર્ટ કટ પસંદ કરવો અને તે જ વખતે ત્યાં શાર્કનું આવવું...


અને ફ્લોરાની ઈચ્છા તો આપણને સપાટી પર લઈ જવાની જ હતી ને ! સાથે સાથે તેને આપણી સલામતીની પણ ફિકર હતી. સેલી, ફ્લોરાનો દોષ જોઈને આપણે ભૂલ કરી છે.
સેલી અને લીલી તરત ફ્લોરાને મળવા ગયા.
ફ્લોરા, અમને માફ કરી દે. અમે તારા પર ગુસ્સે થઈ ગયા.
ઈટ્સ ઓ.કે. ગર્લ્સ...મારી પાસે એક ગુડ ન્યુઝ છે ! મને હમણાં જ જાણવા મળ્યું છે કે ખરાબ હવામાનના કારણે રોયલ કેરેબિયન જહાજ જુદા માર્ગે જવાનું છે. ચાલો જોવા જઈએ. આપણે ચોક્કસ પહોંચી વળીશું.
દરિયાની સપાટીએ ભવ્ય વિશાળ જહાજ જોઈને સેલી અને લીલી દંગ થઈ ગયા.
આ સુંદર દૃશ્ય જોવા મળવું પણ કેટલાંય કારણોનું પરિણામ છે. હવામાનનું ખરાબ થવું, ફ્લોરાને સમાચાર મળવા. વગેરે વગેરે.
દાદી, તમારી સુંદર સમાધાની અનેરી દૃષ્ટિ માટે થેન્ક યુ સો મચ !

# TEA TIME

# શું તમે ચા બનાવી શકો છો ?



ચા બનાવવા માટે તમને જે વસ્તુઓની જરૂર પડશે તેના ચિત્રો નીચે આપેલા ઉદાહરણ મુજબ તમારા ડ્રોઈંગ પેપર પર દોરી, તે ચિત્રનું નામ લખો.

નામ – ________ ઉંમર – ____ મો.નંબર – ________



તપેલી

**અને હવે તમે જ નક્કી કરો કે વસ્તુઓ (સંજોગો) વગર શું તમે ચા બનાવી શકો ?**

ઉપર દોરેલા ચિત્રો અને તમે બનાવેલ ચા સાથેનો તમારો ફોટો પાડી અમને ૨૨ એપ્રિલ ૨૦૨૦ સુધીમાં Whatsapp 8155007480 અથવા akramexpress4kids@gmail.com ઈ મેઈલ કરો .



# TEA TIME

## Winner

Friends, જેમનું બેસ્ટ ડ્રૉઈંગ હશે તેમને ગીફ્ટ પણ મળશે.



1st prize



2nd prize



3rd prize



# જીવંત ઉદાહરણ

રોજિંદા જીવનમાં વેલક્રોનો વપરાશ ઘણી બધી વસ્તુઓમાં જોવા મળે છે. જેમ કે શૂઝ, પર્સ વગેરે.. ચાલો જાણીએ વેલ્ક્રોની શોધખોળ પાછળની હકીકત..

૧૯૪૮માં એક સ્વીસ એન્જિનિયર અને પર્વતારોહક જ્યોર્જ મેસ્ટ્રાલ એમના કૂતરા સાથે જંગલોમાં ટ્રેકિંગ કરવા ગયા હતા. ઘરે પાછા આવીને તેમણે જોયું કે બર નામની વનસ્પતિના કાંટાળા બીજ તેમના કપડાં પર ચોંટી ગયા હતા. એમને અચાનક વિચાર આવ્યો કે આનો ઉપયોગ વસ્તુના વપરાશ માટે

થઈ શકે કે નહીં. એમણે માઈક્રોસ્કોપની મદદથી એ કાંટાવાળા બીજને ચકાસ્યા. એમને જાણવા મળ્યું કે એ બીજની આજુબાજુ સાવ નાના નાના હુક હતા જેને કારણે તે કપડાં અને રૂછાં પર ચોંટી ગયા હતા. લગભગ આઠ વર્ષ સુધી એના પર રીસર્ચ અને અભ્યાસ કર્યા પછી એમણે એક શોધખોળ કરી જે આજે વેલ્ક્રોના નામથી ઓળખાય છે. "વેલવેટ" અને "ક્રોસેટ" આ બે શબ્દોના સુમેળથી એનું નામ 'વેલક્રો' રાખવામાં આવ્યું. વેલક્રોમાં કપડાંની બે પટ્ટીઓ હોય છે. એકમાં અતિશય નાના હજારો હુક હોય છે અને બીજામાં અતિશય નાના હજારો લુપ હોય છે. જેના કારણે બંને પટ્ટીઓ એકબીજા સાથે મજબૂતીથી ચોંટી શકે છે અને સરળતાથી ખુલી પણ શકે છે.

વાહ ! કેટલા બધા પુરાવાઓ જોવા મળ્યા. એક કૂતરો, બર નામનું કાંટાવાળું બીજ, એક વૈજ્ઞાનિક જે પર્વતારોહક પણ હતા.

આ દૃષ્ટિથી જોઈએ તો જગત કેવું અદ્ભૂત અને આશ્ચર્યજનક લાગે ને ?

**કોઈપણ કાર્ય થવા પાછળ એક જ વ્યક્તિ જવાબદાર હોતી નથી પણ ઘણા બધા પુરાવાઓ ભેગા થઈને કાર્ય થાય છે.**



કાંચનપુર નામનું એક નગર હતું. ત્યાં શુભંકર નામના એક શેઠ રહેતા હતા. તેઓ નિયમથી જિનપૂજા, ગુરુવંદના આદિ ધાર્મિક કાર્યો કરતા.

એક દિવસ સવારની જિનપૂજા કરવાના સમયે તેમને એક અનોખી સુગંધ આવી. ધ્યાન આપ્યું તો ખબર પડી કે એ સુગંધ રંગમંડપમાં મુકેલા દિવ્ય અક્ષતના(આખા ભાતના દાણા) ત્રણ નાના ઢગલામાંથી આવે છે.

"આ ચોખા તો અદ્દભૂત લાગે છે. આ ચોખાના જો ભાત કરી ખાવામાં આવે તો કેવી મજા પડે ! એનો સ્વાદ તો દાઢે રહી જાય", એમણે વિચાર્યું, "પણ દેરાસરમાં ભગવંતોને ચઢાવેલા ચોખા કેવી રીતે લઈ જવાય ?" એણે ઘણું વિચાર્યું. પછી એને એક યુક્તિ સૂઝી.

શુભંકરે એટલા જ પ્રમાણમાં પોતાના ઘરેથી ચોખા લઈ આવી, પેલા સુગંધી ચોખા સાથે બદલી કાઢ્યા અને સુગંધી ચોખાને પોતાના ઘરે લઈ આવ્યો.

આમ ચોરી કર્યા વગર ચોખાને ઘરે લઈ આવી તેણે તેની ખીર બનાવી. તે ખીરની સુગંધ એટલી જબરજસ્ત હતી કે ખાતા ખાતા શુભંકર ખુશ થઈ ગયો.

તે જ ઘડીએ એક તપસ્વી મુનિ ભિક્ષા લેવા એમના ઘરે પધાર્યા. શુભંકરે ભક્તિભાવથી સુગંધી ભાતવાળી ખીર મુનિને વહોરાવી. મુનિ

# ઐતિહાસિક ગૌરવગાથા



ખીર લઈને ઉપાશ્રય તરફ ચાલવા માંડ્યા.

ખીરમાંથી આવતી ચોખાની સુગંધે તો મુનિને પણ ના છોડ્યા. મુનિ વિચાર કરવા લાગ્યા, 'આ શેઠના ભાગ્ય કેટલા જબરજસ્ત છે ! આટલી સ્વાદિષ્ટ અને મનને હરી લે એવી વાનગી એમને રોજ ખાવા મળતી હશે ! અને હું સાધુ બન્યો તેથી મને તો જે મારા ભાગ્યમાં આવે તે જ ખાવાનું. આવી અનેરી ખીર તો બહુ જૂજ ખાવા મળે.'

આવા કુવિચારો સાથે મુનિ ઉપાશ્રયે પહોંચ્યા. ત્યાં એમને પાછો એક કુવિચાર આવ્યો, 'આ ખીરની સુગંધ લીધા પછી, જો ગુરુજી આખી ખીર ખાઈ જશે તો ?'

મુનિના મનમાં આવી શંકા ઉદ્‌ભવ થવાના કારણે એમણે તે ખીર ગુરુને દેખાડ્યા વગર જાતે જ પૂરી કરી નાખી.

ખીર ખાતા-ખાતા તેમને એક જ જાતના વિચારો આવતા ગયા, 'આ ખીરનો સ્વાદ ઉત્કૃષ્ટ છે. આહા...મને તો સ્વર્ગ જેવું સુખ લાગે છે. દીક્ષા લઈ, તપ કરીને મેં તો આ બધા સુખોથી પોતાને વંચિત કર્યો. ખરા ભાગ્યશાળી તો એ છે, જેને આવું સ્વાદિષ્ટ જમણ રોજ પ્રાપ્તથાય છે.'

આમ ખીરનો સ્વાદ માણી મુનિ સુઈ ગયા. મુનિધર્મ એટલે સવારે વહેલા ઉઠી સામાયિક કરવાની. પણ બીજા દિવસે મુનિ વહેલા ઉઠી જ ન શક્યા. આ જોઈ એમના ગુરુને શંકા થઈ, "આ શિષ્ય તો ક્યારેય એટલું સૂતો નથી. સામાયિક, કાઉસગ ચુકતો નથી. શું થયું હશે? લાગે છે એનાથી કોઈ અશુદ્ધ આહાર લેવાયો છે."

નિત્યક્રમ મુજબ બીજા દિવસે શુભંકર સવારે ગુરુને મળવા આવ્યા. પેલા મૂનિ તો તે સમયે પણ સૂતા જ હતા. શુભંકરને પણ મૂનિને સૂતા જોઇ નવાઇ લાગી.

થોડી ચિંતા સાથે એમણે ગુરુને કારણ પૂછયું. ગુરુએ ગંભીર અવાજે જવાબ આપ્યો, "શુભંકર, કાલે આ મુનિએ ભિક્ષા ગ્રહણ કરી અને સૂતા તે પછી ઉઠ્યા જ નથી. ઉઠાડવાના ઘણા પ્રયત્નો કર્યા પણ ઉઠતા જ નથી. આ નક્કી કોઈ અપ્રામાણિક ખોરાકનું પરિણામ છે. એની જ અસર છે."

આ સાંભળી શુભંકર નવાઈ પામ્યા. એમણે આશ્ચર્યભર્યા સ્વરે કહ્યું,"ગઈકાલે તો આ મુનિએ મારા જ ઘરેથી ભિક્ષા લીધી હતી."

ગુરુએ કહ્યું, "શુભંકર, તમે મુનિને જે આહાર ધરાવ્યો હતો, તે શુદ્ધ અને મુનિ માટે યોગ્ય હતો ને ?"

"સ્વામી, અશુદ્ધીનું તો મને ખબર



નથી. પણ ખીર જે ચોખાની હતી તે ચોખા મારા ઘરના નહીં પણ દેરાસરથી લઈ આવેલા હતા.''

એમ કહી એણે જે બન્યું હતું તે ચોખ્ખે-ચોખ્ખું ગુરુને કહ્યું. આ સાંભળી ગુરુ બોલ્યા, ''શુભંકર, આ તો યોગ્ય થયું ના કહેવાય. આવું કરવાથી આપણી પ્રગતિ નાશ પામે છે.''

## "આહા...મને તો સ્વર્ગ જેવું સુખ લાગે છે."



વાત પૂરી કરતા એમણે કહ્યું, ''શુભંકર, આવું કરીને તે મોટું પાપ કર્યું છે.''

''ગુરુ ભગવંત ! એટલે જ મને કાલે ધનની મોટી ખોટ ગઈ છે.'' શુભંકરે પોતાની ભૂલ સમજાતા કહ્યું.

ગુરુએ કહ્યું, ''શુભંકર, તને તો બાહ્ય સંપત્તિની ખોટ ગઈ છે. પણ આ મૂનિને તો અંદરની ખોટ ગઈ છે.''

શુભંકરે પછી ગુરુના કહેવા પ્રમાણે પ્રાયશ્ચિત કર્યું. મુનિએ પણ પોતાના કુવિચારો માટે ગુરુની આજ્ઞા મુજબ પ્રાયશ્ચિત કર્યું. ગુરુએ પોતાના આશીર્વાદથી શિષ્યનું પેટ વિશુદ્ધ બનાવી દીધું.



## જવાબ:દાદાજી કહે છે...



(૧) શેરડીમાંથી ખાંડ બને તે કારખાનામાં કેટલાં બધાં મશીનો ને મજૂરોથી લઈને સાહેબો, બધા ભેગા મળીને કામ કરે છે ત્યારે ખાંડ બને છે.

(૨) અરે, તમે રોજ સમયસર સ્કૂલમાં પહોંચો છો, એ કોણ પહોંચાડે છે ? તમને થતું હશે કે હું રોજ વહેલો ઊઠી જાઉં છું, તેથી પહોંચી શકું છું. પણ જો સ્કૂલ બસ મોડી પડે તો તમે સમયસર પહોંચી શકો ? તો પછી સ્કૂલ બસનો પણ સંજોગ ખરો ને ?

Akram Express

April 2020
Year : 12, Issue : 8
Conti. Issue No.: 140

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

Happy Birthday

# સીમંધર સ્વામી




હે સીમંધર સ્વામી પ્રભુ!
મારો આવતો જન્મ તમારા
ચરણ અને શરણમાં જ રાખજો.
મને તમારા જેવો જ બનાવજો.

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. AGIT૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.